# આત્મધર્મ

માસિક : વર્ષ-૩ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૦૮



સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું, એકલો વીતરાગી જ્ઞાતાભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ! જ્ઞાનમાં જ્ઞાતાદૃષ્ટાપણું રહેવું તે જ સ્વરુપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે; જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યા બુદ્ધિ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✽ યદિ યહ માનવશરીર બલદાઈ ભોજનસે હી વિપત્તિમેં આ જાતે હૈં, રોગી હો જાતે હૈં તથા મરણકો પ્રાપ્ત હોતે હૈં તબ દૂસરે વિષ આદિ પદાર્થોંસે કિસ તરહ બચ સકતે હૈં? જબ હિતકારી માતા બચ્ચેકો માર ડાલતી હૈ તબ નિશ્ચયસે શરણામેં રખનેવાલા દૂસરા કોઈ નહીં હૈ. ૧૦૬૬. *(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાના, શ્લોક-૧૧૩)*

✽ જબ ઈન્દ્ર, ચંદ્ર આદિ ભી મરણકે દ્વારા નિશ્ચયસે નાશ કિયે જાતે હૈં તબ ઉનકે મુકાબલેમેં કીટકે સમાન અલ્પાયુવાલે અન્ય જનકી તો બાત હી ક્યા હૈ? ઈસલિયે અપને કિસી પ્રિયકે મરણ હો જાને પર વૃથા મોહ નહીં કરના ચાહિયે. ઈસ જગતમેં તૂ ઐસા કોઈ ઉપાય શીઘ્ર ઢૂંઢ જિસસે કાલ અપના દાવ ન કર સકે. ૧૦૬૭.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, અનિત્ય પંચાશત, શ્લોક-૫૧)*

✽ જો કોઈ ઈસ બઢતે હુએ પાપકર્મકો સમ્યગ્જ્ઞાનકે દ્વારા દૂર નહીં કરતા હૈ વહ અતિ તીવ્ર કર્મરૂપી ભૂતસે પકડા હુઆ પીછે પછતાતા હૈ. ૧૦૬૮.

*(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૭૮)*

✽ નવનિધિઓથી પણ એ સ્વમાનરૂપ ધનને મોટું ધન જાણીને તું હવે રક્ષણ અર્થે પરમ સંતોષવૃત્તિને ધારણ કર! ધનાદિ વિનાશી અને તુચ્છ વસ્તુને અર્થે યાચના કરી આત્મગૌરવરૂપ પરમ ધનને લુંટાવા દેવું એ તને યોગ્ય નથી. સંસારપરિણામી જીવો તૃષ્ણાવશ બની સ્વમાનને પણ કોરાણે કરી દીનવત્ યાચક બની જાય છે અને એ આશા તો નવનિધિ મળવા છતાં શમાવી કેવળ અસંભવ છે, ઉલટી વધે છે. તો પછી એ અલ્પ અને પરિણામે વ્યાકુળતાજન્ય વિનાશિક ઈષ્ટ ધનાદિની પાછળ ઘેલા બની તેને અર્થે દીનપણું સેવવું એ શું તને ઉચિત છે? આમ ચિંતવી જેમ બને તેમ એ આશારૂપ ગ્રાહનો નિગ્રહ કર. ૧૦૬૯. *(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૫૬)*

✽ મોક્ષનો અર્થી જીવ પોતાના જીવનને તો તરણાંની જેમ ત્યાગે છે પરંતુ સમ્યક્ત્વ અને તપને છોડતો નથી; કેમ કે જિવિતવ્ય તો ફરી પણ મળે છે પણ સમ્યક્ત્વ ગયા પછી ફરી મળવું દુર્લભ છે. ૧૦૭૦.

*(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૮૭)*

વર્ષ-૩
અંક-૪




સંવત
૨૦૬૫
December
A.D. 2008

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


# સમભાવ, સંસાર-સાગર તરવાની નૌકા છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૪૫)

આ, પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૧૦૫મી ગાથા ચાલે છે. તેમાં યોગીન્દુદેવ કહે છે કે જે બધા જીવોને સમાન માનતો નથી તેને સમભાવ હોઈ શકે નહિં.

जो णवि मण्णइ जीव जिय सयल वि एक्क-सहाव।
तासु ण थक्कइ भाउ समु भव-सायरि जो णाव।।१०५।।

અર્થ :–હે જીવ! જે બધા જીવોને એક સ્વભાવવાળાં જાણતો નથી તે અજ્ઞાનીને સમભાવ રહેતો નથી કે જે સમભાવ સંસાર-સમુદ્રને તરવામાં નાવ સમાન છે.

બધા જીવો કહેતા અનંત જીવ આવી જાય છે કેમ કે આ જગતમાં સંખ્યાથી જુઓ તો અનંતજીવ છે તે 'સકલ' એટલે 'બધા' જીવો એક સ્વભાવાળા છે. જીવોની વર્તમાન-પર્યાયમાં ભલે રાગ-દ્વેષ અલ્પજ્ઞતા આદિ હો, પણ જીવના કાયમી સ્વભાવમાં દરેક જીવ એકસ્વભાવી અને પૂર્ણસ્વભાવી છે.

જેમ લીંડીપીપરના દાણામાં વર્તમાનમાં ઓછી તીખાશ અને કાળાશ હો પણ તેના અંતરસ્વભાવમાં તો ૬૪ પહોરી–પૂરી તીખાશ અને લીલો રંગ પૂરો ભરેલો છે. લાખ કોથળા ભરીને લીંડીપીપર ભરી હોય તે દરેક પીપરનો આવો પૂરો સ્વભાવ છે. જો એવો સ્વભાવ ન હોય તો ઘસાવાથી પૂરી તીખાશ અને લીલો રંગ ક્યાંથી આવશે! જો સ્વભાવ પૂરો ન હોય તો તેની પ્રગટતાકાળે પૂર્ણતા ક્યાંથી આવે? જો અંદર ન હોય તો પ્રગટ

થાય જ નહિ કારણ કે પ્રાપ્તની પ્રાપ્તિ છે. સ્વભાવમાં જે છે તે જ પ્રગટ થાય છે. માટે કરોડ ગુણી ભરીને લીંડીપીપર હોય તે દરેકમાં પૂરી તીખાશ, લીલો રંગ, સુંવાળપ આદિ બધા ગુણો પૂરા છે એમ જોનારે જ પીપરનું સાચું સ્વરૂપ જોયું કહેવામાં આવે છે.

આ દૃષ્ટાંત થયું. તેની જેમ સિદ્ધાંતમાં...ત્રણલોકમાં અનંતજીવ રહેલા છે. તે દરેક જીવની વર્તમાન પર્યાયમાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિની અલ્પતા અને સંયોગમાં રહેલા શરીરોની ભિન્નતા છે તેને ન જુઓ અને દરેક જીવને ત્રિકાળી સ્વભાવથી જુઓ તો પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ સુખ, પૂર્ણ વીર્ય આદિ સ્વભાવેથી પૂરા ભરેલા પડ્યા છે. તેની વર્તમાનદશા જુઓ તો કોઈ એકેન્દ્રિય, કોઈ બેઈન્દ્રિય, કોઈ પંચેન્દ્રિય, કોઈ સ્ત્રી, પુરુષ, નપુંસક, કોઈ અલ્પ જ્ઞાનવાળા, કોઈ વિશેષ જ્ઞાનવાળા એવા ભેદો દેખાય છે પણ તેને દેખતાં સ્વભાવની પૂર્ણતા દૃષ્ટિમાં આવતી નથી અને વસ્તુનું પૂર્ણ સ્વરૂપ દૃષ્ટિમાં લીધા વિના વસ્તુને પૂર્ણ રીતે માની કહેવાતી નથી. માટે કહે છે કે હે જીવ! બધા જીવોનો એક સરખો પૂર્ણસ્વભાવ છે એમ જો!

વસ્તુ તરીકે–ગુણ તરીકે–શક્તિ તરીકે સ્વભાવમાં અલ્પપણું હોઈ શકે જ નહિ. હીનાધિકતા દેખાય છે એ તો એક સમયની દશામાં છે, વસ્તુના એકરૂપ સ્વરૂપમાં હીનાધિકતા હોઈ શકે જ નહિ. એકરૂપ જ્ઞાન, એકરૂપ દર્શન, એકરૂપ વીર્ય, એકરૂપ પરમેશ્વરતા, એવો એકરૂપ સ્વભાવ દરેક જીવમાં છે એમ જે જાણતો નથી તેની દૃષ્ટિમાં સમભાવ આવતો નથી.

દરેક લીંડીપીપરના દાણાનું એક સમય સિવાયનું પૂરું રૂપ જુઓ તો દરેક દાણાનું સ્વરૂપ–સ્વભાવ એકરૂપ–પૂર્ણરૂપ છે એમ જાણે તેણે લીંડીપીપરનું પૂરું સ્વરૂપ જાણ્યું કહેવાય. તેમ દરેક ભગવાન–આત્માના વર્તમાન એક સમયપૂરતા ભાવમાં રહેલું ઓછું–વધતાપણું ન જોતાં તેના ત્રિકાળી સ્વભાવમાં શુદ્ધતા, સમભાવતા, વીતરાગતા, પૂર્ણતા, અકષાયતા, જ્ઞાન-દર્શન-આનંદતા આદિ દરેક જીવમાં એકરૂપે રહેલાં છે.

ચૈતન્યવસ્તુ જ્ઞાન-દર્શન-આનંદ સ્વભાવથી એકરૂપ, અખંડ, અભેદ છે. તેના દરેક ગુણો પૂર્ણ અખંડ અભેદ છે એવા પોતાના સ્વભાવની દૃષ્ટિ થતાં, બધા જીવો પણ આવા જ પરિપૂર્ણ સ્વભાવી છે એમ સમભાવ પ્રગટ થતાં, કોઈની પર્યાયમાં હીનતા કે અધિકતા જોતાં રાગ-દ્વેષ થવાનો પ્રસંગ રહેતો નથી.

વાત તો અલૌકિક છે બાપુ! તું તો પ્રભુ છો! પરમાત્મપ્રકાશ છે ને! વસ્તુનું સ્વરૂપ

પરમાત્મસ્વરૂપ છે. શક્તિ તરીકે, સ્વભાવ તરીકે, ગુણ તરીકે, તત્ત્વ તરીકે બધા જીવો પરમાત્મા છે તેમાં અપૂર્ણતા હોઈ શકે નહિ. હીનતા કે અધિકતા દેખાય છે તે તેની દશામાં છે. વસ્તુ તરીકે તો તે પૂરો છે. લીંડીપીપરમાં કોઈ બે પો'રી તીખાશવાળી નીકળે તોપણ અંદરમાં તો તે પૂરેપૂરી તીખાશવાળી જ છે અને કોઈ ૬૪ પોરી તીખાશવાળી નીકળે તોપણ અંદરમાં તો તે પૂરી જ છે.

ઠંડી સીઝનમાં લીંડીપીપર આપે છે ને! તે કોઈ બે પો'રી તો કોઈ દશ પો'રી કે કોઈ ૬૩ પો'રી તીખાશવાળી પહેલાં હોય પણ અંદર શક્તિમાં તો પૂરી ૬૪ પો'રી તીખાશ રહેલી છે તેથી તો પ્રગટરૂપે પૂરી તીખાશ આવે છે. અધૂરી દશામાંથી પૂરી દશા આવતી નથી. શક્તિપણે હોય તે જ વ્યક્તપણામાં આવે છે. એક પો'રી બે પો'રી એવી જો અધૂરી દશાનો વ્યય થઈને પૂરી તીખાશવાળી દશા પ્રગટ થાય છે તો તે શક્તિમાંથી વ્યક્ત થાય છે. એક પો'રી તીખાશ પણ દેખાતી ન હોય, કાળી દેખાતી હોય તોપણ લીંડીપીપર તેના સ્વભાવે પૂરી જ છે. તેમ મારો આત્માનો સ્વભાવ અને દરેક જીવનો સ્વભાવ પૂરો જ છે એમ જાણે તેણે આત્માનું સ્વરૂપ યથાર્થ જાણ્યું કહેવામાં આવે છે.

કોઈ માણસ અબજપતિ હોય પણ બજારમાં શાક લેવા પાંચ-પચીશ રૂપિયા લઈને નીકળ્યો હોય તો તેને અબજપતિ માનવો કે પાંચ-પચીશ રૂપિયાવાળો માનવો?–તેને પાંચ–પચીશ રૂપિયાવાળો માનનારે તેને ઓળખ્યો નથી. તેને અબજોપતિ માનનારે જ તેને ખરેખર ઓળખ્યો છે. તેમ પ્રગટ અવસ્થામાં રહેલા માત્ર જ્ઞાન-દર્શન આદિ જેવડો જ ભગવાન આત્માને માને છે તેણે આત્માને ઓળખ્યો નથી. ભગવાન આત્માની સંપદામાં તો પૂર્ણ જ્ઞાન-દર્શન-આનંદ આદિ પૂરી સંપત્તિ ભરેલી છે તેને ન માની તેણે આત્માને માન્યો નથી.

**सयल वि एक्क-सहाव** સર્વ જીવો એક સરખા સ્વભાવવાળા છે. બધા જીવોની પર્યાયમાં વિવિધતાના પ્રકારો છે તે જ્ઞેય તરીકે માત્ર જાણવાલાયક છે પણ એ કોઈ ભાવો ઉપાદેય નથી. વર્તમાનદશામાં અલ્પજ્ઞતા, અલ્પદર્શિતા, અલ્પવીર્યતા આદિ ભેદો છે તે માત્ર જાણવાલાયક છે, આદરવાલાયક તો જે એક પૂર્ણ વસ્તુ છે તે જ આદરવા અને અંગીકાર કરવા લાયક છે; તેને જે આદરે છે, અંગીકાર કરે છે, અનુભવે છે તેને બધા જીવો પ્રત્યે સમભાવ થઈ જાય છે.

અહા! બધા જીવો પરિપૂર્ણ સ્વભાવે ભરેલા છે તેમાં મારે કોને ઓછા કે અધિક જોવા!

જે પોતાને જ પર્યાયપણે ન જોતાં, દ્રવ્યપણે પૂરો જુએ છે તે બીજાને પણ તેની પ્રગટ પર્યાયે ન જોતાં દ્રવ્યપણે જુએ છે, તેથી આ મારાથી હીણો છે કે અધિક છે એવું જોવાનો પ્રસંગ ઊભો થતો નથી. પોતે પોતાનું પૂર્ણ રૂપ જોવે છે કે હું તો પૂર્ણ છું, પર્યાયમાં અલ્પજ્ઞાન-દર્શન-વીર્ય છે તે મારા સ્વભાવમાં નથી, તેમ દરેક જીવનું અંતર જોઉં તો પૂર્ણ જ દેખાય છે—એમ જોનાર છે તે જ સત્યદૃષ્ટિવંત છે. સત્યદૃષ્ટિવંત જીવ જ પોતાને અને બધા પરજીવોને સ્વભાવથી પૂર્ણ જોવે છે.

આ સમવસરણ આદિ પૂર્ણ આત્માને બતાવનારા પ્રતિકો છે. પરમાત્મા કેવા થઈ ગયા! દ્રવ્યે પૂર્ણ અને પર્યાયે પણ પૂર્ણ એવા અનંતા પરમાત્મા થઈ ગયા તેના પુણ્ય કેવા હતા! તેના પૂર્વભવોમાં કેવા વિકલ્પોની સ્થિતિ હતી! એ બધાના અસ્તિત્વના સ્મરણ માટેના આ નિમિત્તો છે. એ નિમિત્તોમાં આવા અસ્તિત્વનું સ્મરણ આવતાં તેની વર્તમાનબુદ્ધિનો નાશ થઈને ત્રિકાળબુદ્ધિ થઈ જાય છે. આ માટે જ આ મંદિર આદિ પ્રતિકો છે.

દ્રવ્યમાં ત્રિકાળ પરમાત્મસ્વભાવ રહેલો છે, તેનો આશ્રય લઈને અનંત જીવો પર્યાયે પરમાત્મા થઈ ગયા, તેમને બધા જીવો પરમાત્મા થાઓ એવો ભાવ હતો તેના ફળમાં આવા સમવસરણાદિની રચના થઈ હતી, એ બધાનું અસ્તિત્વ સ્વીકારતાં, વર્તમાનબુદ્ધિ અને વિકલ્પનો સ્વીકાર ઊડી જઈને, હું ત્રિકાળ સ્વભાવ છું એવો સ્વીકાર થતાં તેને સંયોગોના સાધનની જરૂર રહેતી નથી. અરે! વિકલ્પના સાધનની પણ જરૂર રહેતી નથી તો શરીર સારું હોય તો ધર્મ થાય એવી જરૂર તો રહેતી જ નથી. આવો દીર્ઘ વિચાર....(કરે તો સમજાય)

એકવાર જોરાવરનગરમાં નેત્રયજ્ઞમાં આંખના મોટા ડૉક્ટર આવેલાં તેના વખાણ લોકો બહુ કરવા લાગ્યા ત્યારે અમારી સાથે નારાયણભાઈ હતા તેણે બધાને કહ્યું, એલા! શરીરના ડૉક્ટરના વખાણ કરો છો? આવા શરીર મળ્યાં, એની ઈન્દ્રિયો મોળી પડી, આંખમાં મોતિયા આવ્યાં અને ડૉક્ટર ગોતવા પડ્યા તેના કરતાં તમને એક એવા પુરુષ બતાવી દઉં કે શરીર ન મળે, ઈન્દ્રિયો ન મળે અને ડૉક્ટર પણ શોધવા ન પડે. વીતરાગ પરમેશ્વર એક એવા આત્મા છે કે જેની ઓળખાણ થયે, મહિમા ભાસે તો શરીર જ ન મળે, રોગ જ ન થાય અને ડૉક્ટરને શોધવા પણ ન પડે.

લૌકિક ઉપકારીના કેટલા વખાણ કરે છે! પણ એમાં શું છે! શરીર રાખવું છે અને શરીરમાં રોગ અને પ્રતિકૂળતા આવ્યા વગર રહેશે નહિ. ડૉક્ટર પાસે લાચારી કરવી પડશે, હેરાન થવું પડશે. શરીર માટે આવા ભિખારાવેડા કરવા અને વળી આટલા વખાણ!

એ...ત્રિલોકીનાથ પરમાત્મા સર્વજ્ઞદેવ જગતના મહાન વૈદ્ય છે...મહાન વૈદ્ય એવા છે કે જે જગતના જીવોને શરીર જ ન મળે એવો ઉપાય બતાવે છે કે સર્વ જીવો સ્વભાવને ઓળખો, સ્વભાવનું માહાત્મ્ય કરો, અલ્પજ્ઞપણાની મહિમા છોડો, સંયોગની મહિમા છોડો તો ફરી ફરી શરીર જ નહિ મળે, રોગ જ નહિ થાય અને ડૉક્ટરની જરૂર જ નહિ રહે, ખાવા-પીવાની પણ જરૂર નહિ રહે....આવા વૈદ્યની પ્રસંશા કર ને! લૌકિક ડૉક્ટરની કે લૌકિકમાં દાન–દાતારની પ્રસંશા શું કરે છે!

અહીં યોગીન્દુદેવ પણ એ જ કહે છે કે ભાઈ! તારી અલ્પજ્ઞતા કે શરીરાદિ કે સારાં કોઈ નિમિત્તો મળે તેની તું પ્રસંશા કરે છે તો તે અલ્પજ્ઞતા અને શરીરાદિને રાખવાનો જ તારો ભાવ છે. તારું સ્વરૂપ એક સમયમાં પૂર્ણ જ્ઞાન અને આનંદસ્વરૂપે એકભાવે ભગવાન છે. એક ભાવે એટલે એક ગુણ એમ નહિ પણ એકરૂપ–જ્ઞાનનું એકરૂપ દર્શનનું એકરૂપ, શાંતિ–ચારિત્રનું એકરૂપ એવો ભગવાન જેની દૃષ્ટિમાં આવે છે, પરિપૂર્ણતા જેને ભાસે છે તે જીવ પોતાને તો પૂર્ણ જોવે છે પણ બધા જીવોને તેની વર્તમાન દશાથી નહિ પણ ત્રિકાળ દ્રવ્યસ્વરૂપથી પરિપૂર્ણ જોવે છે તે જીવને હવે સ્વભાવના સત્નો આદર થયો છે, તેને હવે અલ્પજ્ઞતા હોવા છતાં તેનો આદર રહ્યો નથી માટે ટળી જઈને પૂર્ણ આનંદની પ્રાપ્તિ થઈ જશે, આ વાતને જાણ, શ્રદ્ધા કર અને એવો જ અનુભવ કર. તે વિના બધી વાતો થોથે થોથા છે.

ઘણા લોકો રોજ ભક્તામર ભણે છે. શું કામ? કે આપણું શરીર સારું રહે, પૈસા મળે, બધી જ અનુકૂળતા રહે એવા પ્રયોજનથી ભણે છે. અરે! તેં ભગવાનની સ્તુતિ કરીને શરીરની આશા રાખી! તારે શરીર, રોટલા, કપડાં, પૈસા બધું રાખવું છે ને! મૂરખ છો. ભક્તામર શું એના માટે છે? 'ભક્તામર' તો આદીશ્વર ભગવાનની સ્તુતિ છે. ભગવાને જેવા ગુણો પ્રગટ કર્યા એવા ગુણો તારામાં પણ ભરેલાં છે તેને પ્રગટ કરવા માટે ભક્ત ભગવાનની સ્તુતિ કરે છે. ભક્તામર ભણવાનું પ્રયોજન તો એ છે પણ તેને સમજે નહિ અને લૌકિક પ્રયોજન રાખીને બોલી જાય તે શું કામનું?

જેને દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ પ્રગટ થઈ છે એવા દેવ, ઈન્દ્ર આદિ ભગવાનની સ્તુતિ કરે છે. પોતાને મળેલા વૈભવની તુચ્છતા ગણીને, ભગવાનના આત્મવૈભવની મહિમા કરે છે કે પ્રભુ! તમારો વૈભત એ જ સાચો વૈભવ છે. આપના જેટલા ગુણગાન કરીએ તેટલા ઓછા છે. આપની પાસે અમારા વૈભવની કોઈ કિંમત નથી....નથી....મુનિરાજ જંગલમાં એકલાં ધ્યાન લગાવીને બેઠા હોય અને ચક્રવર્તી હાથીના હોદે, ૯૬ કરોડ પાયદળ સહિત

ચાલ્યો જતો હોય તે મુનિને જોતાં જ હાથી ઉપરથી નીચે ઉતરી જાય છે. શાંત શાંત શાંતરસમાં ઢીમ થઈ ગયેલા મુનિરાજની મુદ્રા જોઈ ચરણોમાં નમી પડે છે. પ્રભુ! આવી દશા અમારે જોઈએ છે. અરે! પણ તમારો વૈભવ! એ નહિ....એ નહિ....મુનિરાજ જે સાધે એ ઋદ્ધિ અમારે જોઈએ છે. આહાહા! ૯૬ કરોડ પાયદળ આશ્ચર્ય પામે છે. જુઓ તો ખરા! રાજા પાસે તો બાહ્ય વૈભવનો પાર નથી. સુંદર રૂપાળું શરીર છે, માથે મુગટ છે, મોટાં મોટાં મહેલોમાં રહેનારા છે છતાં આ મુનિરાજના કાળા કૂબડાં શરીરને—માથે બાવળ લટકે છે, વૈભવનું તો નામેય નથી, શરીર ઉપર કપડાં પણ નથી તેને—નમી પડે છે...વંદના કરે છે....અને મુનિ તો ધ્યાનમાં લીન છે, રાજાની સામે પણ જોતાં નથી. ગમે તેવો મોટો ચક્રવર્તી રાજા હોય તોપણ મુનિને શું? મારો મોટો (ભગવાન) તો મારી પાસે છે. મારી મોટપ શું છે એ તો જેની પર્યાયમાં એવી મોટપ પ્રગટે તેને ખબર પડે બીજાને આ મોટપની ખબર ન પડે.

અહા! જેને અલ્પજ્ઞતાનો વિશ્વાસ ઊઠી ગયો, અલ્પદર્શિત્વ, અલ્પવીર્ય, અલ્પજ્ઞાન, રાગ-દ્વેષ અને સંયોગની હારમાળાનો વિશ્વાસ ઊઠી ગયો અને એકરૂપ નિજસ્વરૂપના વિશ્વાસે આત્માને ઝીલ્યો તેની દૃષ્ટિમાં સમભાવ થઈ જાય છે. તે હવે શક્તિએ કોઈને અલ્પ કે અધિક જોતાં નથી. અજ્ઞાની તો કોઈને પોતાથી અધિક તો કોઈને પોતાથી દીન-હીન માનીને સમભાવ કરી શકતાં નથી.

આહાહા! આચાર્ય શું કહે છે! सकल जीवम् एक स्वभावम् પદાર્થ અખંડ અને એકસ્વભાવે છે. અલ્પ અને અધિકપણું તો એક સમયના ઉત્પાદમાં છે. એ એક સમયનું લક્ષ છોડી દે તો તારું એકરૂપ પૂર્ણ સ્વરૂપ દૃષ્ટિમાં આવશે અને બધા જીવો પણ પૂર્ણ સ્વભાવે છે એમ દેખાશે ત્યાં વિષમતા થવાનો પ્રસંગ નહિ રહે. કમજોરીના કારણે રાગ આવે છે તે રાગનો પણ જે જાણનાર-દેખનાર રહે છે તેનું નામ જ્ઞાની-સમકિતી છે.

ભાવાર્થ :—અજ્ઞાની જીવ બધા જીવોને સમાન નથી માનતા અર્થાત્ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને બધાને સમાનદૃષ્ટિથી જોતાં નથી. સકલ જ્ઞાયક પરમ નિર્મળ કેવળજ્ઞાનાદિ ગુણોથી નિશ્ચયથી બધા જીવો એક સમાન છે એવી જેને શ્રદ્ધા નથી તેને સમભાવ ઉત્પન્ન થઈ શકતો નથી એમ નિઃસંદેહ જાણો.

ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તમ્ સત્ છે છતાં પદાર્થ છે તેમાંથી એક સમયના ઉત્પાદનું લક્ષ છોડી દઈને, ધ્રુવ પૂર્ણ સત્ સ્વભાવને જોવે તો સમભાવ પ્રગટ થાય છે, પણ જે આવા સત્ સ્વભાવને જોતો નથી તે અજ્ઞાની છે.

સમભાવ કેવો છે?– સંસારસમુદ્રને તરવા માટે નાવ સમાન છે, સમભાવી જીવને કોઈ ક્ષેત્રમાં કે કોઈ કાળમાં વર્તમાન વર્તતી હીનાધિક દશા ઉપર દૃષ્ટિનું જોર નથી, લક્ષ નથી. લક્ષ અને જોર તો બસ, એક સ્વભાવ ઉપર છે. એ જોરે જ સમભાવ થાય છે અને એ સમભાવ સંસારસમુદ્રમાંથી તારનાર નૌકા છે.

સંસાર એટલે ઉદયભાવ. મારો સ્વભાવ પૂર્ણ છે અને બધા જીવોનો સ્વભાવ એવો જ પૂર્ણ છે એવી દૃષ્ટિનો સમભાવ છે તે ઉદયભાવરૂપ સંસારનો અભાવ કરવાનો ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી.

આ તો વીતરાગ ભગવાનના ઘરની કથા છે. ત્રિલોકનાથની ધર્મસભા કેવી? તેમનો અખંડ જ્ઞાન પર્યાય સહિતનો ધ્વનિ કેવો? અને તેને ઝીલનારા શ્રોતા પણ કેવા હશે? અહાહાહા! એલા! આ ભગવાનની વાણીનો વિશ્વાસ તો લાવ! કે હું પણ આપ જેવો જ છું. તને આ અલ્પદશાનો, રાગ-દ્વેષનો, સંયોગની હારમાળાનો.....એ બધાનો વિશ્વાસ આવે છે પણ એ તો બધા ક્ષણિક સંબંધવાળા ભાવો છે એટલો જ તું છો? ત્રિકાળ સંબંધ તો તારાં દ્રવ્ય સાથે છે. કાયમી સ્વભાવવાળો સ્વભાવવાન તો ત્રિકાળ એકરૂપ છે. સમજાય છે કાંઈ! પરમસ્વભાવની દૃષ્ટિ થતાં સમભાવ થઈ જાય છે એ જ સંસારસાગરથી તરવાનો ઉપાય છે.

પાઠમાં છે ને! भव सायरि जो णाव। એટલે કે પુણ્ય-પાપ આદિ વિકલ્પનો જે ઉદયભાવ થાય છે તે સંસાર છે, તેનાથી તરવા માટે એકરૂપ અખંડસ્વભાવ તરફ દૃષ્ટિ અને એ તરફનો ઝુકાવ એ જ ઉપાય છે.

સંતોએ મારગ સહેલો કરી દીધો છે. મહાન દિગંબર મુનિઓ ધર્મના થાંભલા છે, કેવળજ્ઞાનના વજીર છે, એમના મતિ-શ્રુતજ્ઞાનની પર્યાયમાં કેવળજ્ઞાન તરવરે છે. અવયવમાં આખો અવયવી કેવળજ્ઞાન દેખાય છે. દૃષ્ટિમાં પૂર્ણ સ્વભાવ વર્તે છે અને પ્રગટ દશામાં સાધ્યનું સાધન વર્તે છે એ સાધ્ય સુધી પહોંચાડી દેશે, આંતરો કાઢી નાખશે, સ્વભાવની એકાગ્રતા કરીને કેવળજ્ઞાન પામી જશે, રાગ ઊભો નહિ રહે. આ 'સમભાવ' ઉદયરૂપી સંસારસાગરથી જીવને તારી દેશે.

અજ્ઞાની બધા જીવોને સમાન માનતો નથી કેમ કે તને પોતાની પૂર્ણ વસ્તુની જ પ્રતીત નથી. આ અલ્પજ્ઞતા તે જ હું, સ્ત્રી-પુત્રાદિ તે મારા, આ બધા સંયોગ મારા એમ જ માને છે અને રાગ આવતાં હું જ રાગી છું એમ જે માને છે તે પોતાનું પૂર્ણ સ્વરૂપ જે 'છતું' પડ્યું છે–મૌજૂદ છે, વિદ્યમાન છે, પ્રગટ સત્તાનું સત્ત્વ છે તેને માનતો જ નથી.

જે રાગ જેટલો જ પોતાને માનતો નથી, અલ્પજ્ઞતા જેવડો જ પોતાને માનતો નથી તેની દૃષ્ટિ ત્યાંથી ખસી જઈ સ્વભાવ ઉપર આવે છે તેનું નામ નિર્વિકલ્પ શાંતિ છે.

જ્યાં ચેતન ત્યાં અનંતગુણ, કેવળી બોલે એમ,
પ્રગટ અનુભવ આપનો, નિર્મળ કરો સપ્રેમ રે...
ચૈતન્યપ્રભુ! પ્રભુતા તારી રે ચૈતન્યધામમાં...
પ્રભુતા તારી રે ધ્રુવધામમાં...

રાગ ટળીને ધ્રુવના ધામમાં દૃષ્ટિ થઈ તેનું નામ જ અભેદ શાંતિ....વીતરાગતા થઈ. જ્યાં વિકલ્પ હોવા છતાં એટલો હું નહિ, અલ્પજ્ઞ હોવા છતાં એટલો જ હું નહિ એવી દૃષ્ટિ થઈ તે દૃષ્ટિએ પરના માહાત્મ્ય છોડ્યા અને સ્વભાવના માહાત્મ્ય કર્યા, અલ્પજ્ઞતાની મહિમા ગઈ અને પૂર્ણ સ્વભાવની મહત્તા થઈ તેને અહીં વીતરાગ નિર્વિકલ્પ સમાધિ કહેવામાં આવે છે.

બધા જીવો સકલ નિર્મળ પરમ જ્ઞાયક કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય આદિ ગુણોથી સમાન છે એમ જેને ચૈતન્યસંપદાથી ભરેલા પદાર્થનો વિશ્વાસ નથી અને અલ્પજ્ઞ, અલ્પદર્શન, અલ્પવીર્ય, રાગ-દ્વેષાદિ ભાવોનો વિશ્વાસ છે તેની દૃષ્ટિ મિથ્યા છે માટે તેને સમ્યગ્દર્શનરૂપી અને અનંતાનુબંધીના અભાવરૂપી સમભાવ પ્રગટ થઈ શકતો નથી.

અહા! સંતોની કથની તે કાંઈ કથની છે! કેટલી સ્પષ્ટતા!!

જીવો અનંત છે અને તે બધાનો સ્વભાવ એક છે એમ જે જ્ઞાન ઝીલે તેનું લક્ષ પરમાં હતું તે સ્વમાં ચાલ્યું જાય છે. અનંત આત્મા કેવા છે? કે કેવળજ્ઞાનની અનંતી પર્યાયનો સમુદાયરૂપ એવો એક ગુણ અને એવા એવા અનંતગુણથી ભરેલા સ્વરૂપવાળો એક એક આત્મા છે એવો આત્મસ્વભાવ જેની દૃષ્ટિમાં અને જ્ઞાનમાં આવ્યો તે દૃષ્ટિ અને જ્ઞાન વિકલ્પ તરફના લક્ષને છોડી દે છે અને સ્વભાવ તરફ ઝુકી જાય છે ત્યારે સમભાવ થાય છે. એ સમભાવ અનંતાનુબંધીના અભાવનો અને મિથ્યાભ્રાંતિના નાશનો સમભાવ છે. આ સમભાવ ક્રમે ક્રમે કેવળજ્ઞાનને લાવે છે. સમજાણું કાંઈ!

સ્વ અને પર બધા જીવોની અસ્તિ પૂર્ણ....અનંત...અનંત.... છે એમ જે માનતા નથી તેને સમભાવ થતો નથી. બીજી રીતે લઈએ તો એમ કહે છે કે જેને પૂરો સ્વભાવ દૃષ્ટિમાં આવતો નથી તેને વર્તમાન પર્યાયમાં સમભાવ પ્રગટ થતો નથી. પૂર્ણ, અખંડ, એકરૂપ સ્વભાવને દૃષ્ટિમાં લેતો નથી તેને પર્યાયમાં સમભાવ પ્રગટ થતો નથી. પણ જે

જ્ઞાન વર્તમાનમાં અલ્પજ્ઞ હોવા છતાં, પ્રગટ પર્યાયમાં રાગ-દ્વેષ હોવા છતાં, સંયોગમાં ઊભો હોવા છતાં પૂર્ણ-પૂર્ણ જ્ઞાનસ્વભાવને ઝીલે છે તે જ્ઞાન સર્વ જીવને પૂર્ણ સ્વભાવવાળા જોવે છે અને તે દૃષ્ટિ અંતરમાં જઈને સમભાવ પ્રગટ કરી લે છે. આમ, નિઃસંદેહ જાણો. એક સમયના સમ્યગ્દર્શન-જ્ઞાન દ્વારા એ કર્મજનિત વિષમતાને ટાળી શકશે અને સ્વભાવની પૂર્ણતાને પામી શકશે એમ આગળ ૧૦૬ ગાથામાં યોગીન્દુદેવ કહેશે.

ઉદયભાવ–વિકૃતભાવ–અસિદ્ધભાવનો અભાવ કરવાને અને સિદ્ધભાવ એવા સ્વભાવને પ્રાપ્ત કરવા માટે આવો 'સમભાવ' એ જ એક ઉપાય છે. અસિદ્ધભાવ એવા સંસારને તરવાનો આ જ એક ઉપાય છે.

અનુભવપ્રકાશમાં દૃષ્ટાંત આપ્યું છે કે શેઠને પાંચ દીકરા હોય અને શેઠ એકલા બજારમાં ગયા હોય ત્યાં કોઈ પૂછે કે તમારે કેટલા દીકરા? તો કહે–પાંચ દીકરા છે. અરે પણ અત્યારે સાથે તો નથી! સાથે નથી તો શું હું છતાને અછતાં કહું? એમ પ્રગટ પર્યાયમાં પૂર્ણતા નથી, અલ્પતા છે તેથી શું? જે સ્વભાવ છતો છે તેને અછતો માનું? આ તો આચાર્યોએ અને પંડિતોએ આપેલા દૃષ્ટાંત છે હો! છતાને અછતો કોણ કહે? વિદ્યમાનને અવિદ્યમાન કેમ કહેવાય ભાઈ? તે પ્રગટ પર્યાયમાં અલ્પજ્ઞતા આદિ હોય તેથી વસ્તુને અલ્પ કેમ કહેવાય? વિદ્યમાન મહાન પ્રભુનો નકાર કેમ થાય!! આ તો ભગવાનની ધર્મકથા છે. બધું કહી કહીને વીતરાગને એ જ કહેવું છે કે પૂર્ણ સ્વભાવ ઉપર દૃષ્ટિ લઈ જા અને તેમાં સ્થિરતા કર! પૂર્ણાનંદપ્રભુમાં લીનતા કર અને અલ્પજ્ઞતા, રાગ-દ્વેષ આદિ ભાવોની ઉપેક્ષા કર! આ કર્યા વિના તને સ્વભાવની પ્રાપ્તિ અને સમભાવ થશે નહિ.

વસ્તુને એકરૂપ માને તેને સમભાવ થાય છે અને વસ્તુને વિષમરૂપ માને તેને સમભાવ થઈ શકતો નથી. માટે તું તને શરીરવાળો, વિકલ્પવાળો....આદિ વિષમતાવાળો માનવો છોડી દે. વર્તમાન અલ્પબુદ્ધિમાં આખા ભગવાન આત્માનો સ્વીકાર કર તો તને બધા જીવો તારા જેવા જ ભગવાન છે એમ સમજાશે.

આવું વ્યાખ્યાન જાણીને રાગ-દ્વેષ-મોહને તજીને પરમ શાંતભાવરૂપ શુદ્ધાત્મામાં લીન થવું યોગ્ય છે. અપૂર્ણતા અને સંયોગનો આશ્રય અને વિશ્વાસ છોડી દે તો રાગ-દ્વેષ-મોહ નહિ થાય, પૂર્ણ સ્વભાવનો આશ્રય અને વિશ્વાસ કરતા શાંતભાવ–સમભાવ થશે. એ સમભાવ દ્વારા શુદ્ધાત્મામાં લીનતારૂપ પરિણમવું એ આ વ્યાખ્યાનનો સાર છે.

હવે ગાથા ૧૦૬મા યોગીન્દુદેવ કહે છે કે જીવોમાં જે ભેદ છે તે સર્વ કર્મજનિત છે.

जीवहँ भेउ जि कम्म-किउ कम्मु वि जीउ ण होइ।
जेण विभिण्णउ होइ तहँ कालु लहेविणु कोइ॥१०६॥

અર્થ :–જીવોમાં નર-નારકાદિ ભેદ કર્મોથી જ કરવામાં આવ્યા છે પણ કર્મ જીવ થઈ શકતા નથી. કેમ કે જીવ પોતાના સમયે કર્મોથી જુદો પડી જાય છે.

જીવોમાં નર-નારકાદિ ભેદ કર્મોથી કરવામાં આવ્યા છે તેનો અર્થ એ કે વિકાર કરવો એ જીવનો સ્વભાવ નથી અને કર્મ બાંધવા એ પણ જીવનો સ્વભાવ નથી. કર્મ અને વિકાર નિમિત્ત-નૈમિત્તિક સંબંધે ઉત્પન્ન થયેલા ભેદ છે. વસ્તુમાં એવા ભેદ નથી માટે અલ્પજ્ઞતા, અલ્પદર્શિતા, અલ્પવીર્ય આદિ ભાવ કર્મજનિત કહેવાય છે. સ્વભાવકૃત નથી અને કર્મના આશ્રયે ઉત્પન્ન થયેલા છે માટે કર્મજનિત કહેવાય છે. જે આત્માનો સ્વભાવ નથી તે બધુ કર્મજનિત–કર્મનાં ઘરનું છે. કર્મના સંબંધે થેયલાં નર, નારક, તિર્યંચ, મનુષ્ય આદિ ગતિના ભેદો પણ જીવના નથી.

સમયસારમાં પણ સ્વભાવ સિવાયના બધા ભાવને પુદ્‌ગલ કહ્યા છે. ૭૫ ગાથામાં તો ત્યાં સુધી લીધું છે કે જેમ માટી વ્યાપક છે અને ઘડો વ્યાપ્ય છે તેમ ભગવાન આત્માનો સ્વભાવ વ્યાપક અને તેની નિર્મળપર્યાય વ્યાપ્ય છે પણ વિકારી પર્યાય તો કર્મનું વ્યાપ્ય છે અને કર્મ તેમાં વ્યાપક છે. સ્વભાવની દૃષ્ટિમાં અને સ્વભાવના ધ્યેયે સંવર-નિર્જરા અને મોક્ષનું કાર્ય આવે છે, આસ્રવ–બંધનું કાર્ય સ્વભાવની દૃષ્ટિથી આવતું નથી. માટે ત્યાં અજીવ અને આસ્રવ-બંધને જુદાં પાડી દીધા છે કેમ કે કર્મ અજીવ છે અને ભાવકર્મ પણ અજીવ છે. અજીવ એટલે તેમાં ચૈતન્યનો પ્રકાશ નથી. અનંત ચૈતન્યપ્રકાશના પુંજમાંથી એક કિરણ પણ દયા-દાન-ભક્તિ આદિ વિકલ્પમાં આવ્યું નથી માટે તેને અચેતન કહ્યાં છે. કર્મ, આસ્રવ, બંધ એ જીવ કેમ હોઈ શકે? એક સમનો અટકેલો 'ભાવબંધ' અરૂપી-અબંધ સ્વરૂપી ચૈતન્ય કેમ થઈ શકે?

જીવ તો પોતાનો ધર્મલબ્ધિકાળ પાકતાં જ પરમાત્મપણાની શ્રદ્ધા કરીને પરમાત્મા થઈ જાય છે. જીવ જો આસ્રવ-બંધરૂપ થઈ ગયો હોય કે અજીવરૂપ થઈ ગયો હોય તો પરમાત્મા ક્યાંથી થાય? જીવના સ્વભાવમાંથી જ સ્વભાવપર્યાય–પરમાત્મપર્યાય પ્રગટ થાય છે. વિકાર અને અલ્પજ્ઞતાના કાળે જીવસ્વભાવ વિકારી કે અલ્પજ્ઞ થયો નથી માટે જીવ પોતાના ધર્મલબ્ધિકાળે સંવર-નિર્જરારૂપે પરિણમીને પૂર્ણતા સુધી પહોંચી જાય છે. જો જીવ વિકારી થઈ ગયો હોય તો પરમાત્મા ન થઈ શકે પણ જીવસ્વભાવ વિકારી થયો નથી તેથી કર્મોથી જુદો પડીને પરમાત્મા થઈ જાય છે. *(ક્રમશઃ)*

# જૈનદર્શનનું રહસ્ય : ક્રમબદ્ધપર્યાય

## ક્રમબદ્ધપર્યાય : કાનજીસ્વામી

[સપ્ટેમ્બર-૦૮થી ચાલુ]

### (૬૬) જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ પ્રગટ કર્યા વિના ક્રમબદ્ધપર્યાયની ઓથ લઈને બચાવ કરવા માંગે તે મોટો સ્વચ્છંદી છે.

આ ક્રમબદ્ધપર્યાયની ઓથ લઈને સ્વચ્છંદે કોઈ એમ બચાવ કરે કે "અમને ક્રોધ પણ થવાનો હતો તે ક્રમબદ્ધ થઈ ગયો, તેમાં અમે શું કરીએ?" તો તેને કહે છે કે અરે મૂઢ જીવ! આત્માનું જ્ઞાયકપણું હજી તને બેઠું નથી તો તું ક્રમબદ્ધપર્યાયની વાત ક્યાંથી લાવ્યો? જ્ઞાયકસ્વભાવના નિર્ણયથી જ ક્રમબદ્ધપર્યાયનો યથાર્થ નિર્ણય થાય છે. તારી દૃષ્ટિ જ્ઞાયક ઉપર છે કે ક્રોધ ઉપર? જો જ્ઞાયક ઉપર દૃષ્ટિ હોય તો જ્ઞાયકમાં ક્રોધ થવાનું ક્યાંથી આવ્યું? તારા જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરીને તું પહેલાં જ્ઞાતા થા, પછી તને ક્રમબદ્ધપર્યાયની ખબર પડશે. જ્ઞાયકસ્વભાવ તરફ વળીને તેને જ્ઞાનનું જ્ઞેય બનાવવું— તેની આમાં મુખ્યતા છે, રાગને જ્ઞેય કરવાની મુખ્યતા નથી. જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કર્યો ત્યાં જ્ઞાનની જ અધિકતા રહે છે, ક્રોધાદિની અધિકતા થતી જ નથી એટલે જ્ઞાતાને અનંતાનુબંધી ક્રોધાદિ તો થતા જ નથી; અને તેને જ ક્રમબદ્ધપર્યાય યથાર્થપણે બેઠી છે.

ક્રોધ વખતે જ્ઞાનસ્વરૂપ તો જેને ભાસતું નથી, ક્રોધની જ રુચિ છે, અને ક્રમબદ્ધપર્યાયની ઓથ લઈને બચાવ કરવા માંગે છે તે તો મોટો સ્વચ્છંદી છે. ક્રમબદ્ધપર્યાયમાં જ્ઞાયકભાવનું પરિણમન ન ભાસતાં, ક્રોધનું પરિણમનભાસે એ જ તેની ઊંધાઈ છે. ભાઈ રે! આ માર્ગ છૂટકારાનો છે કે બંધાવાનો? આમાં તો જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને છૂટકારાની વાત છે; આ વાતનો યથાર્થ નિર્ણય થતાં જ્ઞાન છૂટું ને છૂટું રહે છે. જે છૂટકારાનો માર્ગ છે તેના બહાને જે સ્વચ્છંદને પોષે છે તે જીવને છૂટકારાનો અવસર ક્યારે આવશે!!

### (૬૭) અજર....પ્યાલા!

આ તો અજર-અમર પ્યાલા છે; આ પ્યાલા પચાવવા મોંઘા છે. પાત્ર થઈને જેણે આ પ્યાલો પીધો ને પચાવ્યો તે અજર-અમર થઈ જાય છે એટલે કે જન્મ-મરણ રહિત એવા સિદ્ધપદને પામે છે.

## (૬૮) ક્રમબદ્ધપર્યાયમાં ભૂમિકા અનુસાર પ્રાયશ્ચિતાદિનો ભાવ હોય છે.

"લાગેલા દોષોનું પ્રાયશ્ચિત કરવાનું વર્ણન તો શાસ્ત્રમાં ઘણું આવે છે, દોષ થયો તે પર્યાય પણ ક્રમબદ્ધ છે તો પછી તેનું પ્રાયશ્ચિતાદિ શા માટે?"—એમ કોઈને શંકા ઊઠે તો તેનું સમાધાન એ છે કે સાધકને તે ભૂમિકામાં પ્રાયશ્ચિતાદિનો તેવો વિકલ્પ હોય છે તેનું ત્યાં જ્ઞાન કરાવ્યું છે. સાધકદશા વખતે ક્રમબદ્ધપર્યાયમાં તેવા પ્રકારના ભાવો આવે છે તે બતાવ્યું છે. 'ક્રમબદ્ધપર્યાયમાં અમારે દોષ થવાનો હતો તે થઈ ગયો, માટે તેનું પ્રાયશ્ચિત શું?'—એમ કોઈ કહે તો તે મિથ્યાદૃષ્ટિ–સ્વછંદી છે; સાધકને એવો સ્વછંદ હોતો નથી. સાધકદશા તો પરમ વિવેકવાળી છે. તેને હજી પૂરણ વીતરાગતા નથી થઈ અને સ્વછંદ પણ રહ્યો નથી એટલે દોષોના પ્રાયશ્ચિત વગેરેનો શુભવકલ્પ આવે–એવી જ એ ભૂમિકા છે.

ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા હોવા છતાં સમકીતિને ચોથા ગુણસ્થાને એવો ભાવ આવે કે હું ચારિત્રદશા લઉં, મુનિને એવો ભાવ આવે કે લાગેલા દોષોની ગુરુ પાસે જઈને સરળપણે આલોચના કરું ને પ્રાયશ્ચિત્ત લઉં—"કર્મ તો ખરવાના હશે ત્યારે ખરશે, માટે આપણે તપ કરવાની શી જરૂર છે?" એવો વિકલ્પ મુનિને ન આવે; પણ હું તપ વડે નિર્જરા કરું—શુદ્ધતા વધારું–એવો ભાવ આવે.–આવું જ તે તે ભૂમિકાના ક્રમનું સ્વરૂપ છે. 'ચારિત્રદશા તો ક્રમબદ્ધપર્યાયમાં જ્યારે આવવાની હશે ત્યારે આવી જશે' એમ કહીને સમકીતિ કદી સ્વછંદી કે પ્રમાદી ન થાય; દ્રવ્યદૃષ્ટિના જોરમાં તેને પુરુષાર્થ ચાલુ જ છે. ખરેખર દ્રવ્ય દૃષ્ટિવાળાને જ ક્રમબદ્ધપર્યાય યથાર્થ સમજાય છે. ક્રમ ફરે નહિ છતાં પુરુષાર્થની ધારા તૂટે નહિ,—એ વાત જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ વિના બની શકતી નથી. શાસ્ત્રોમાં પ્રાયશ્ચિત વગેરેનું વર્ણન કરીને વચલી ભૂમિકામાં કેવા કેવા ભાવ હોય છે–તેનું જ્ઞાન કરાવ્યું છે. ખરેખર તો જ્ઞાતાને જ્ઞાનની અધિકતામાં તે પ્રાયશ્ચિત વગેરેનો વિકલ્પ પણ જ્ઞેયપણે જ છે.

## (૬૯) ક્રમ–અક્રમ સંબંધમાં અનેકાન્ત અને સપ્તભંગી.

કોઈ એમ કહે છે કે "બધી પર્યાયો ક્રમબદ્ધ જ છે એમ કહેવામાં તો એકાંત થઈ જાય છે, માટે કેટલીક પર્યાયો ક્રમબદ્ધ છે ને કેટલીક અક્રમબદ્ધ છે—એમ અનેકાન્ત કહેવું જોઈએ"—તો એમ કહેનાર મૂઢને એકાન્ત—અનેકાન્તની ખબર નથી. બધી પર્યાયો ક્રમબદ્ધ જ 'છે' ને અક્રમરૂપ 'નથી'–એવો અનેકાન્ત છે અથવા ક્રમ-અક્રમનો અનેકાન્ત લેવો હોય તો આ પ્રમાણે છે કે બધા ગુણો દ્રવ્યમાં એકસાથે સહભાવીપણે વર્તે છે તેથી તે અપેક્ષાએ દ્રવ્ય અક્રમરૂપ છે અને પર્યાય અપેક્ષાએ ક્રમરૂપ છે, એ રીતે કથંચિત્ ક્રમરૂપ ને કથંચિત્ અક્રમરૂપ એવો અનેકાન્ત છે, પરંતુ કેટલીક પર્યાયો ક્રમરૂપ ને કેટલીક પર્યાયો અક્રમરૂપ એમ માનવું તે તો અનેકાન્ત નથી પણ મિથ્યાત્વ છે.

પર્યાય અપેક્ષાએ તો ક્રમબદ્ધપણું જ છે–એ નિયમ છે. છતાં આમાં અનેકાન્ત અને સપ્તભંગી આવી જાય છે. ગુણો અપેક્ષાએ અક્રમપણું અને પર્યાયો અપેક્ષાએ ક્રમપણું એવું અનેકાન્ત સ્વરૂપ છે તે ઉપર કહેવાઈ ગયું છે તથા વસ્તુમાં (૧) સ્યાત્ ક્રમપણું, (૨) સ્યાત્ અક્રમપણું, (૩) સ્યાત્ ક્રમ-અક્રમપણું, (૪) સ્યાત્ અવ્યક્તવ્યપણું, (૫) સ્યાત્ ક્રમ અવ્યક્તવ્યપણું, (૬) સ્યાત્ અક્રમ–અવ્યક્તપણું, અને (૭) સ્યાત્ ક્રમ–અક્રમ અવ્યક્તવ્યપણું—એ પ્રમાણે ક્રમ–અક્રમ સંબંધમાં સપ્તભંગી પણ ઉતરે છે, કઈ રીતે? તે કહેવાય છે—

(૧) પર્યાયો એક પછી એક ક્રમબદ્ધ થાય છે તેથી પર્યાયોની અપેક્ષાએ કહેતાં વસ્તુ ક્રમરૂપ છે.

(૨) ગુણો બધા એકસાથે સહભાવી છે તેથી ગુણોની અપેક્ષાએ કહેતાં વસ્તુ અક્રમરૂપ છે.

(૩) પર્યાયો તથા ગુણો એ બંનેની અપેક્ષા (એકસાથે) લઈને કહેતાં વસ્તુ ક્રમ–અક્રમરૂપ છે.

(૪) એકસાથે બંને કહી શકાતા નથી તે અપેક્ષાએ વસ્તુ અવક્તવ્ય છે.

(૫) વસ્તુમાં ક્રમપણું ને અક્રમપણું બંને એક સાથે હોવા છતાં ક્રમરૂપ કહેતી વખતે અક્રમપણાનું કથન બાકી રહી જાય છે, તે અપેક્ષાએ ક્રમ–અવક્તવ્યરૂપ છે.

(૬) એ જ પ્રમાણે અક્રમરૂપ કહેતાં ક્રમપણાનું કથન બાકી રહી જાય છે, તે અપેક્ષાએ વસ્તુ અક્રમ–અવક્તવ્યરૂપ છે.

(૭) ક્રમપણું તથા અક્રમપણું બંને અનુક્રમે કહી શકાય છે પણ એક સાથે કહી શકાતા નથી, તે અપેક્ષાએ વસ્તુ ક્રમ–અક્રમ–અવક્તવ્યરૂપ છે.

—એ પ્રમાણે ક્રમ–અક્રમ સંબંધમાં સપ્તભંગી સમજવી.

### (૭૦) અનેકાન્ત ક્યાં અને કઈ રીતે લાગુ પડે? (સિદ્ધનું દૃષ્ટાંત)

યથાર્થ વસ્તુસ્થિતિ શું છે તે સમજ્યા વગર ઘણા લોકો અનેકાન્તના નામે કે સ્યાદ્વાદના નામે ગપગોળા ચલાવે છે. જેમ અસ્તિ-નાસ્તિમાં વસ્તુ સ્વપણે અસ્તિરૂપ છે ને પરપણે નાસ્તિરૂપ છે–એવો અનેકાન્ત છે; પણ–વસ્તુ સ્વપણે અસ્તિરૂપ છે ને પરપણે અસ્તિરૂપ છે એવો અનેકાન્ત નથી, તે તો એકાંતરૂપ મિથ્યાત્વ છે. તેમ અહીં ક્રમ–અક્રમમાં પણ સમજવું. પર્યાયો ક્રમબદ્ધ છે ને ગુણો અક્રમ છે–એમ અનેકાન્ત છે, પણ પર્યાયો ક્રમબદ્ધ છે ને પર્યાયો અક્રમ પણ છે–એમ માનવું તે કાંઈ અનેકાન્ત નથી, તે તો મિથ્યાદૃષ્ટિનો એકાંત છે. પર્યાયો તો ક્રમબદ્ધ જ છે ને અક્રમ નથી એવો અનેકાન્ત છે.

પર્યાયમાં અક્રમપણું તો છે જ નહિ, તેથી તેમાં 'કથંચિત્ ક્રમ અને કથંચિત્ અક્રમ' એવો અનેકાન્ત લાગુ ન પડે. વસ્તુમાં જે ધર્મો હોય તેમાં સપ્તભંગી લાગુ પડે પણ વસ્તુમાં જે ધર્મો હોય જ નહિ તેમાં સપ્તભંગી લાગુ ન પડે.

'સિદ્ધ ભગવંતો એકાંત સુખી જ છે' એમ કહેતાં કોઈ અજ્ઞાની પૂછે કે સિદ્ધ ભગવાનને એકાંત સુખ જ કેમ કહો છો? કથંચિત્ દુઃખ એમ અનેકાંત કહોને? તેનું સમાધાન : ભાઈ, સિદ્ધ ભગવાનને જે સુખ પ્રગટ્યું છે તે એકાંત સુખ જ છે, તેમાં દુઃખ જરાપણ છે જ નહિ, તેથી તેમાં સુખ-દુઃખનો તેં કહ્યો તેવો અનેકાંત લાગુ ન પડે; સિદ્ધ ભગવાનને શક્તિમાં કે વ્યક્તિમાં કોઈ રીતે દુઃખ નથી તેથી ત્યાં સુખ-દુઃખનો એવો અનેકાંત કે સપ્તભંગી લાગુ ન પડે; પણ સિદ્ધ ભગવાનને એકાંત સુખ જ છે ને દુઃખ જરાપણ નથી—એમ અનેકાંત લાગુ પડે. (જુઓ, પંચાધ્યાયી ગાથા ૩૩૩-૪-૫). અહીં પર્યાયમાં ક્રમબદ્ધપણું છે ને અક્રમપણું પણ છે—એવો અનેકાંત નથી; કેમકે પર્યાયમાં અક્રમપણું નથી. પર્યાયથી ક્રમરૂપ ને પર્યાયથી જ અક્રમરૂપ એવું ક્રમ-અક્રમરૂપ જીવનું સ્વરૂપ નથી, પણ પર્યાયથી ક્રમવર્તીપણું તે ગુણથી અક્રમપણું-એવું જીવનું સ્વરૂપ છે.

## (૭૧) ટ્રેઈનના દૃષ્ટાંતે શંકા અને તેનું સમાધાન.

શ્રોતા :—એક માણસ ટ્રેઈનના ડબામાં બેઠો છે, ને ટ્રેઈન પૂર્વદિશા તરફ જાય છે, ત્યાં ટ્રેઈન ચાલતાં માણસનું પણ પૂર્વ દિશા તરફ જે ગમન થાય છે તે તો ક્રમબદ્ધ છે, પણ તે માણસ ડબામાં ઊભો થઈને પશ્ચિમ તરફ જાય તો તે ગમનની અવસ્થા અક્રમરૂપ થઈને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—અરે ભાઈ! તને હજી ક્રમબદ્ધપર્યાયની ખબર નથી. પર્યાયનું ક્રમબદ્ધપણું કહેવાય છે તે તો ઊર્ધ્વ પ્રવાહ અપેક્ષાએ (-કાળપ્રવાહ અપેક્ષાએ) છે, ક્ષેત્ર એપક્ષાએ નહિ. તે માણસ પહેલાં પૂર્વમાં ચાલે ને પછી પશ્ચિમમાં ચાલે તેથી કાંઈ તેની પર્યાયના કાળનો ક્રમ તૂટી ગયો નથી. ટ્રેઈન પૂર્વમાં જતી હોય ને તેમાં બેઠેલો માણસ ડબામાં પશ્ચિમ તરફ ચાલતો હોય, તેથી કાંઈ તેની તે પર્યાય અક્રમપણે નથી થઈ. અરે! ટ્રેઈન પૂર્વમાં જતી હોય ને આખી ટ્રેઈન પાછી ચાલીને પશ્ચિમમાં જાય, તો તે પણ ક્રમબદ્ધ જ છે. પર્યાયોનું ક્રમબદ્ધપણું દ્રવ્યના ઊર્ધ્વ પ્રવાહક્રમની અપેક્ષાએ છે. આ ક્રમબદ્ધપર્યાયની વાત ઘણા જીવોએ તો હજી યથાર્થપણે સાંભળી પણ નથી. ક્રમબદ્ધપણું શું છે અને કઈ રીતે છે, તથા તેનો નિર્ણય કરનારનું ધ્યેય ક્યાં જાય છે તે વાત લક્ષમાં લઈને સમજે પણ નહિ, તો તેની પ્રતીત ક્યાંથી થાય? વસ્તુમાં અનંત ગુણો છે તે બધા એક સાથે

પથરાયેલા-તિર્યક્પ્રચયરૂપ છે તેથી તે અક્રમરૂપ છે અને પર્યાયો એક પછી એક—વ્યતિરેકરૂપ–ઊર્ધ્વપ્રચયરૂપ છે તેથી તે ક્રમરૂપ છે.

**(૭૨) ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા કોણ?**

જુઓ, ક્રમબદ્ધપર્યાય તો જીવ તેમજ અજીવ બધા દ્રવ્યોમાં છે; પરંતુ આ વાત કાંઈ અજીવને નથી સમજાવતા, આ વાત તો જીવને સમજાવે છે, કેમ કે જીવ જ જ્ઞાતા છે. જ્ઞાતાને પોતાના જ્ઞાયકસ્વભાવનું ભાન થતાં તે ક્રમબદ્ધપર્યાયનો પણ જ્ઞાતા થઈ જાય છે.

**(૭૩) ભાષાનો ઉત્પાદક જીવ નથી.**

પાંચે અજીવ દ્રવ્યો પણ પોતપોતાના ગુણોથી પોતાના ક્રમબદ્ધ નિયમિત પરિણામપણે ઊપજતા થકા અજીવ જ છે, જીવ નથી. અજીવદ્રવ્યો—પુદ્ગલનો એકેક પરમાણુ પણ—પોતે પોતાના છ કારકરૂપે થઈને પોતાની ક્રમબદ્ધપર્યાયપણે સ્વયં ઊપજે છે; તે કોઈ બીજાના કર્તા નથી, તેમજ બીજાનું કાર્ય થઈને તેને પોતાનું કર્તા બનાવે એમ પણ નથી. ભાષા બોલાય તે અજીવની ક્રમબદ્ધપર્યાય છે, ને તે પર્યાયપણે અજીવદ્રવ્ય ઊપજે છે, જીવ તેને ઉપજાવતો નથી.

શ્રોતા :—કેવળી ભગવાનની દિવ્યવાણી તો ઈચ્છા વગર સહજપણે નીકળે છે તેથી તે ક્રમબદ્ધપર્યાય છે અને તેને તો જીવ ઉપજાવતો નથી–એમ ભલે કહો, પરંતુ છદ્મસ્થની વાણી તો ઈચ્છાપૂર્વક છે તેથી છદ્મસ્થ તો પોતાની ઈચ્છા મુજબ ભાષાને પરિણમાવે છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ; એમ નથી. કેવળીભગવાનને કે છદ્મસ્થને જે વાણી નીકળે છે તે તો અજીવના પોતાના તેવા ક્રમબદ્ધ પરિણામોથી જ નીકળે છે, જીવને લીધે નહિ. છદ્મસ્થને તે કાળે ઈચ્છા હોય, પણ તે ઈચ્છાએ વાણીને ઉપજાવી નથી અને ઈચ્છા છે તે પણ જ્ઞાતાનું જ્ઞેય છે, ધર્મી જીવ તે ઈચ્છાનો પણ જ્ઞાયક જ છે.

**(૭૪) જ્ઞાયકને જ જાણવાની મુખ્યતા.**

ખરેખર તો, ઈચ્છાને જાણવી તે પણ વ્યવહાર છે, જ્ઞાનને અંતરમાં વાળીને જ્ઞાયકને જાણવો તે પરમાર્થ છે. ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં રાગને જાણવાની મુખ્યતા નથી પણ જ્ઞાયકને જાણવાની મુખ્યતા છે. જ્ઞાનમાં જ્ઞાયકની મુખ્યતા થઈ ત્યારે રાગને તેનું વ્યવહાર. જ્ઞેય કહ્યું; જ્ઞાતા જાગ્યો ત્યારે રાગને રાગરૂપે જાણ્યો અને ત્યારે જ રાગને વ્યવહાર કહેવાયો. આ રીતે નિશ્ચયપૂર્વક જ વ્યવહાર હોય છે, કેમ કે જ્ઞાન અને રાગ બંને એક સાથે ઊપજે છે, પહેલો રાગરૂપ વ્યવહાર ને પછી નિશ્ચય એમ નથી. રાગને અર્થાત્

વ્યવહારને જાણ્યો કોણે? વ્યવહાર પોતે તો આંધળો છે તેને કાંઈ સ્વ-પરની ખબર નથી. નિશ્ચયનું અવલંબન કરીને સ્વ-પરપ્રકાશક જ્ઞાતા જાગ્યો તે જ, જ્ઞાયકને જાણતાં રાગને પણ વ્યવહારજ્ઞેય તરીકે જાણે છે. ક્રમબદ્ધપર્યાયના નિર્ણયમાં નિશ્ચય-વ્યવહાર બંને એક સાથે છે; પહેલો વ્યવહાર ને પછી નિશ્ચય એમ માને, એટલે કે રાગના અવલંબને જ્ઞાન થવાનું માને, તો તે ખરેખર ક્રમબદ્ધપર્યાયને સમજ્યો જ નથી.

## (૭૫) 'ઇષ્ટોપદેશ!'ની વાત;—ક્યો ઉપદેશ ઇષ્ટ છે?

દ્રવ્ય પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે–એમ કહેતાં તેમાં સમય સમયની ક્ષણિક યોગ્યતાની વાત પણ આવી ગઈ.

શ્રોતા :—યોગ્યતાની વાત તો 'ઈષ્ટોપદેશમાં' આવી છે. આમાં ક્યાં આવી છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–આ પણ ઈષ્ટ-ઉપદેશની જ વાત છે. ઈષ્ટ-ઉપદેશ એટલે હિતકારી ઉપદેશ. જે સમજવાથી આત્માનું હિત થાય એવો ઉપદેશ તે ઈષ્ટોપદેશ છે. આ 'યોગ્યતા' કહીને સમય સમયની પર્યાયની સ્વતંત્રતા બતાવાય છે તે જ ઉપદેશ ઈષ્ટ છે, આ સિવાય પરને લીધે કાંઈ થવાનું બતાવે એટલે કે પરાધીનતા બતાવે તે ઉપદેશ ઈષ્ટ નથી–હિતકારી નથી–પ્રિય નથી. સમય સમયની ક્રમબદ્ધપર્યાય બતાવીને આત્માને પોતાના જ્ઞાયકસ્વભાવ તરફ લઈ જાય તે ઉપદેશ ઈષ્ટ છે, પણ પર્યાયમાં ફેરફાર–આઘુંપાછું થવાનું જણાવીને કર્તાબુદ્ધિને પોષે તે ઉપદેશ ઈષ્ટ નથી એટલે કે સાચો નથી, હિતકારી નથી. "આત્માને જે હિતમાર્ગમાં પ્રવર્તાવે તે ગુરુ છે; ખરેખર આત્મા પોતે જ પોતાની યોગ્યતાથી પોતાના આત્માને હિતમાર્ગમાં પ્રવર્તાવે છે તેથી પોતે જ પોતાનો ગુરુ છે, નિમિત્તરૂપે જ્ઞાનીગુરુ હોય પણ તે નિમિત્તને લીધે આ આત્મામાં કાંઈ થાય–એમ બનતું નથી." જુઓ, આ ઈષ્ટ ઉપદેશ! આ પ્રમાણે ઉપદેશ હોય તો જ તે ઈષ્ટ છે–હિતકારી છે–સત્ય છે, આનાથી વિરુદ્ધ ઉપદેશ હોય તો તે ઈષ્ટ નથી–હિતકારી નથી–સત્ય નથી.

## (૭૬) આત્માનું જ્ઞાયકપણું ને પદાર્થોના પરિણમનમાં ક્રમબદ્ધપણું.

આત્મા જ્ઞાયક છે, જ્ઞાતાદૃષ્ટાપણું તેનું સ્વરૂપ છે. જેમ કેવળીભગવાન જગતના બધા દ્રવ્ય-ગુણ-પર્યાયના જ્ઞાતા છે, તેમ આ આત્માનો સ્વભાવ પણ જ્ઞાતા છે. જ્ઞાને જાણ્યું માટે પદાર્થોમાં તેવી ક્રમબદ્ધપર્યાય થાય છે એમ નથી, તેમ જ પદાર્થો તેવા છે માટે તેમનું જ્ઞાન થયું એમ પણ નથી. આત્માનો જ્ઞાયકસ્વભાવ છે ને પદાર્થોનો ક્રમબદ્ધ પરિણમન સ્વભાવ છે. 'આમ કેમ' એવો વિકલ્પ જ્ઞાનમાં નથી તેમ જ પદાર્થોના સ્વભાવમાં પણ

એવું નથી. 'આમ કેમ' એવો વિકલ્પ કરીને જે પદાર્થના ક્રમબદ્ધ પરિણમનને ફેરવવા માગે છે તેણે જ્ઞાનના સ્વભાવને જાણ્યો નથી. જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરતાં સાધક જીવ જ્ઞાતા થઈ જાય છે, 'આમ કેમ' એવો મિથ્યાબુદ્ધિનો વિકલ્પ તેને થતો નથી.

**(૭૭) આવી છે સાધકદશા!—એક સાથે દસ બોલ.**

જ્ઞાનને અંતરમાં વાળીને જ્ઞાનસ્વભાવનો જેણે નિર્ણય કર્યો તે—

—ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા થયો, (૧)
—તેના જ્ઞાનમાં સર્વજ્ઞની સિદ્ધિ આવી, (૨)
—તેને ભેદજ્ઞાન ને સમ્યગ્દર્શન થયું, (૩)
—તેને મોક્ષમાર્ગનો પુરુષાર્થ શરૂ થયો, (૪)
—તેને અકર્તાપણું થયું, (૫)
—તેણે સમસ્ત જૈનશાસનને જાણ્યું, (૬)
—તેણે દેવ-શાસ્ત્ર-ગુરુને ખરેખર ઓળખ્યા, (૭)
—તેને નિશ્ચય-વ્યવહાર બંને એક સાથે આવ્યા, (૮)
—તેની પર્યાયમાં પાંચે સમવાય આવી ગયા, (૯)
—'યોગ્યતા હી'નો તેને નિર્ણય થયો એટલે
ઈષ્ટ-ઉપદેશ પણ તેનામાં આવી ગયો. (૧૦)

**(૭૮) આ લોકોત્તર દૃષ્ટિની વાત છે, આનાથી વિપરીત માને તે લૌકિકજન છે.**

અહો, આ અલૌકિક-લોકોત્તરની વાત છે. એક તરફ જ્ઞાયકસ્વભાવ ને સામે ક્રમબદ્ધપર્યાય-એનો નિર્ણય કરવો તે લોકોત્તર છે. હું જ્ઞાયક છું ને પદાર્થોની પર્યાયો ક્રમબદ્ધ છે-એમ ન માનતાં, કાંઈ પણ ફેરફાર કરવાનું જે માને છે તે લૌકિકજન છે, લોકોત્તર જૈનદૃષ્ટિ તેને રહેતી નથી. પોતાના જ્ઞાયકસ્વભાવ સામે નજર રાખીને આત્મા ક્રમબદ્ધપણે જ ઊપજે અને પદાર્થોની ક્રમબદ્ધ થતી પર્યાયને જાણે-આવો જે લોકોત્તર સ્વભાવ, તેને જે નથી માનતો તે ભલે સંપ્રદાય તરીકે જૈનમાં રહ્યો હોય તોપણ ભગવાન તેને અન્યમતિ-લૌકિકમતિ-એટલે કે મિથ્યાદૃષ્ટિ કહે છે. આ "લૌકિકમતિ" કહેતાં કેટલાકને તે વાત કઠણ લાગે છે. પણ ભાઈ! સમયસારમાં આચાર્ય ભગવાન પોતે કહે છે કે—"ये स्वात्मान कर्तारमेव पश्यंति ते लोकोत्तरिका अपि न लौकिकतामतिवर्तते; लोकिकानां परमात्मा विष्णुः सुरनारकादिकार्याणि करोति, तेषां तु स्वात्मा तानि करोतीत्यपसिद्धांतस्य समत्वात्।

ततस्तेषामात्मनो नित्यकर्तृत्वाभ्युपगमात् लौकिकानामिलोकोत्तरिकाणामपि नास्ति मोक्षः।'' (ગાથા ૩૨૧-૩૨૨-૩૨૩ ટીકા).

—જેઓ આત્માને કર્તા જ દેખે છે-માને છે, તેઓ લોકોત્તર હોય તોપણ લૌકિકતાને અતિક્રમતા નથી; કારણ કે લૌકિકજનોના મતમાં પરમાત્મા વિષ્ણુ દેવનારકાદિ કાર્યો કરે છે, અને તેમના (-લોકથી બાહ્ય થયેલા એવા મુનિઓના) મતમાં પોતાનો આત્મા તે કાર્યો કરે છે—એમ અપસિદ્ધાંતની (એટલે કે ખોટા સિદ્ધાંતની) બંનેને સમાનતા છે. માટે આત્માના નિત્ય કર્તાપણાની તેમની માન્યતાને લીધે, લૌકિકજનોની માફક, લોકોત્તર પુરુષોનો (મુનિઓનો) પણ મોક્ષ થતો નથી.

તેના ભાવાર્થમાં પં. જયચંદ્રજી પણ લખે છે કે-

''जो आत्माको कर्ता मानते हैं वे मुनि भी हों तो भी लौकिकजन सरीखे ही हैं, क्योंकि लोक इश्वर को कर्ता मानते हैं और मुनियोंने भी आत्माको कर्ता मान लिया, इस तरह इन दोनों का मानना समान हुआ। इस कारण जैसे लौकिकजनों के मोक्ष नहीं है उसी तरह उन मुनियोंके भी मोक्ष नहीं।''

જુઓ, આમાં મૂળ સિદ્ધાંત છે. દિગંબર જૈન સંપ્રદાયનો દ્રવ્યલિંગી સાધુ થઈને પણ, જો 'આત્મા પરને કરે' એમ માને, તો તે પણ લૌકિકજનોની જેમ મિથ્યાદૃષ્ટિ જ છે. હવે, આત્મા પરનો કર્તા છે—એમ કદાચ સીધી રીતે ન કહે, પણ—

—નિમિત્ત હોય તે પ્રમાણે કાર્ય થાય એમ માને, અથવા આપણે નિમિત્ત થઈને પરનું કાર્ય કરી દઈએ-એમ માને,

—અથવા રાગના-વ્યવહારના-અવલંબનથી નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન થવાનું માને,

-મોક્ષમાર્ગમાં પહેલો વ્યવહાર ને પછી નિશ્ચય એમ માને,

—અથવા રાગને લીધે જ્ઞાન થયું એટલે કે રાગ કર્તા ને જ્ઞાન તેનું કાર્ય-એમ માને,

તો તે બધા પણ ખરેખર લૌકિકજનો જ છે, કેમ કે તેમને લૌકિકદૃષ્ટિ છૂટી નથી. લૌકિકદૃષ્ટિ એટલે મિથ્યાદૃષ્ટિ.

'જ્ઞાયક' સામે નજર કરીને ક્રમબદ્ધપર્યાયને જાણનારા સમકીતિ લોકોત્તર દૃષ્ટિવંત છે, ને એનાથી વિરુદ્ધ માનનારા લૌકિકદૃષ્ટિવંત છે.

**(૭૯) સમજવા માટે એકાગ્રતા.**

આ વાત સાંભળતાં જો સમજે તો મજા આવે તેવી છે, પણ તે સમજવા માટે

જ્ઞાનને બીજેથી પાછું વાળીને જરાક એકાગ્ર કરવું જોઈએ. હજી તો જેને શ્રવણમાં પણ એકાગ્રતા ન હોય ને શ્રવણ વખતે પણ ચિત્ત બીજે ભમતું હોય, તે અંતરમાં એકાગ્ર થઈને આ વાત સમજે ક્યારે?

**(૮૦) અંદર નજર કરતાં બધો નિર્ણય થાય છે.**

શ્રોતા :–આપ તો ઘણા પડખાં સમજાવો છો, પણ અમારી બુદ્ધિ થોડી, તેમાં અમારે કેટલુંક સમજવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :–અરે ભાઈ! જે સમજવા માંગે તેને આ બધું સમજાય તેવું છે. દૃષ્ટિ બહારમાં નાખી છે તેને ફેરવીને જરાક અંદરમાં નજર કરતાં જ આ બધા પડખાં સમજાઈ જાય તેમ છે. સમજનારો પોતે અંદર બેઠો છે કે ક્યાંક બીજે ગયો છે? અંદરમાં શક્તિપણે આખેઆખો જ્ઞાયકસ્વભાવ પડ્યો છે, તેમાં નજર કરે એટલી વાર છે. 'મારા નૈનની આળસે રે....મેં હરિને નીરખ્યા ન જરી'....તેમ નજર કરતાં ન્યાલ કરી નાંખે એવો ભગવાન આત્મા અંદર બેઠો છે પણ નયનની આળસે અજ્ઞાની તેને નિહાળતો નથી. અંતર્મુખ નજર કરતાં આ બધા પડખાંનો નિર્ણય થઈ જાય છે.

**(૮૧) જ્ઞાતા સ્વ-પરને જાણતો થકો ઊપજે છે.**

જ્ઞાતાભાવની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતો ધર્મી જીવ પોતાના જ્ઞાનસ્વભાવને પણ જાણે છે; સ્વ-પર બંનેને જાણતો થકો ઊપજે છે પણ સ્વ-પર બંનેને કરતો થકો નથી ઊપજતો. કર્તા તો એક જ સ્વનો જ છે ને સ્વમાં પણ ખરેખર જ્ઞાયકભાવની ક્રમબદ્ધપર્યાયને જ કરે છે, રાગનું કર્તાપણું ધર્મીની દૃષ્ટિમાં નથી.

જ્ઞાન ઊપજતું થકું પોતાને તેમજ રાગને પણ જાણતું ઊપજે છે, પરંતુ 'રાગને કરતું થકું' ઊપજે છે–એમ નથી. જ્ઞાન ઊપજે છે અને પોતે પોતાને જાણતું ઊપજે છે. ઊપજવું અને જાણવું બંને ક્રિયા એક સાથે છે, જ્ઞાનમાં તે બંને ક્રિયા એક સાથે હોવામાં કાંઈ વિરોધ નથી. "આત્મા પોતે પોતાને કઈ રીતે જાણે–એ બાબતમાં પ્રવચનસારની ૩૬ મી ગાથામાં આચાર્યદેવે શંકા-સમાધાન કર્યું છે. એક પર્યાયમાંથી બીજી પર્યાયની ઉત્પત્તિ થવામાં વિરોધ છે પણ જ્ઞાનપર્યાય પોતે ઊપજે અને તે જ વખતે તે સ્વને જાણે—એવી બંને ક્રિયા એક સાથે હોવામાં કાંઈ વિરોધ નથી, કેમ કે જ્ઞાનનો સ્વભાવ જ સ્વ-પરને પ્રકાશવાનો છે. જ્ઞાન પોતે પોતાને નથી જાણતું—એમ માનનારે ખરેખર જ્ઞાનને જ માન્યું નથી. અહીં તો કહે છે કે જ્ઞાની પોતે પોતાને જાણતો થકો ક્રમબદ્ધ જ્ઞાયકભાવપણે જ ઊપજે છે. આ વાત બરાબર સમજવા જેવી છે.

## (૮૨) લોકોત્તર દૃષ્ટિની વાત સમજવા માટે જ્ઞાનની એકાગ્રતા.

કોલેજના મોટા પ્રોફેસરોના ભાષણ કરતાં પણ આ તો જુદી જાતની વાત છે; ત્યાં તો સમજવા માટે ધ્યાન રાખે તોપણ જેટલો પૂર્વનો ઉઘાડ હોય તે પ્રમાણે જ સમજાય અને સમજે તોપણ તેમાં આત્માનું કાંઈ કલ્યાણ નથી. અને આ તો લોકોત્તરદૃષ્ટિની વાત છે, આમાં ધ્યાન રાખીને સમજવા માટે જ્ઞાનને એકાગ્ર કરે તો વર્તમાનમાં પણ નવો નવો ઉઘાડ થતો જાય ને અંતરમાં એકાગ્ર થઈને સમજે તેનું તો અપૂર્વ કલ્યાણ થઈ જાય.

## (૮૩) સમકીતિ નિર્મળ ક્રમબદ્ધપર્યાયપણે જ ઊપજે છે.

જીવ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતાં, તેના અનંત ગુણો એક સાથે પરિણમે છે જ્ઞાયકસ્વભાવસન્મુખ ઝુકાવ થયો ત્યાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વગેરે બધા ગુણોના પરિણમનમાં નિર્મળતાના અંશની શરૂઆત થઈ જાય છે, પછી ભલે તેમાં ઓછો-વધતો અંશ વ્યક્ત હોય; ચોથા ગુણસ્થાને ક્ષાયકશ્રદ્ધા થઈ જાય છતાં જ્ઞાન-ચારિત્ર પૂરાં થઈ જતાં નથી, પરંતુ તેનો અંશ તો પ્રગટ થઈ જાય છે. આ રીતે સમકીતિને નિર્મળ પર્યાયપણે ઊપજવાની જ મુખ્યતા છે, અસ્થિરતાના જે રાગાદિભાવો થાય છે તે તેની દૃષ્ટિમાં ગૌણ છે, અભૂતાર્થ છે. જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ રાખીને સમકીતિ નિર્મળ ક્રમબદ્ધપર્યાયપણે જ ઊપજે છે, રાગાદિપણે તે ખરેખર ઊપજતો જ નથી.

## (૮૪) ક્રમબદ્ધપરિણામમાં છ છ કારક.

આચાર્યદેવ કહે છે કે 'જીવ પોતાના ક્રમબદ્ધપરિણામે ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી;' તેમાં છએ કારક લાગુ પડે છે, તે આ પ્રમાણે—

૧. જીવ પોતે પોતાની પર્યાયના કર્તાપણે ઊપજતો થકો જીવ જ છે, અજીવનો કર્તા નથી.
૨. જીવ પોતે પોતાના કર્મપણે ઊપજતો થકો જીવ જ છે, અજીવનું કર્મ નથી.
૩. જીવ પોતે પોતાના કરણપણે ઊપજતો થકો જીવ જ છે, અજીવનું કરણ નથી.
૪. જીવ પોતે પોતાના સંપ્રદાનપણે ઊપજતો થકો જીવ જ છે, અજીવનું સંપ્રદાન નથી.
૫. જીવ પોતે પોતાના અપાદાનપણે ઊપજતો થકો જીવ જ છે, અજીવનું અપાદાન નથી.
૬. જીવ પોતે પોતાના અધિકરણપણે ઊપજતો થકો જીવ જ છે, અજીવનું અધિકરણ નથી.

વળી એ પ્રમાણે બીજા છ કારકો પણ નીચે મુજબ સમજવા—

૧. જીવ પોતાની પર્યાયપણે ઊપજતો થકો, અજીવને પોતાનો કર્તા બનાવતો નથી.

(જુઓ અનુસંધાન પેજ ૨૩ ઉપર)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૩૦ થી ૮-૧૫ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૧૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | સમાધિતંત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### શ્રી કુંદકુંદ-આચાર્યપદારોહણદિન

આપણા પરમ પૂજ્ય દિગંબર-આચાર્યશિરોમણિ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્યપદારોહણદિન' માગશર વદ-૮, શુક્રવાર, તા. ૧૯-૧૨-૨૦૦૮ના દિવસે છે. આ અવસર શ્રી સીમંધરસ્વામી-સમવસરણમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક સંપન્ન કરવામાં આવશે.

## શિવપુરીમાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પ્રતિકૃતિ–અનાવરણનો કાર્યક્રમ

મધ્યપ્રદેશની નગરી શિવપુરીમાં શ્રી સીમંધર દિગંબર જિનમંદિરના સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પ્રતિકૃતિના અનાવરણનો ત્રિદિવસીય કાર્યક્રમ તા. ૧૬-૧-૨૦૦૯ શુક્રવારથી તા. ૧૮-૧-૨૦૦૯ રવિવાર સુધી શ્રી તીર્થમંડલ વિધાન પૂજા આદિ અનેકવિધ અનુષ્ઠાન સહિત યોજવામાં આવ્યો છે પ્રતિકૃતિનિર્માણ મૂલ્યનો લાભ શ્રી દેવેન્દ્રકીર્તિ મહિલા મંડળ શિવપુરીને અને પ્રતિકૃતિના અનાવરણનો લાભ સ્વ. કાંતાબેન હિંમતલાલ ડેલીવાળા હ. વર્ષાબેન નિરંજનભાઈ ડેલીવાળાને મળેલ છે. આ કાર્યક્રમના સંપૂર્ણ વિધિ-વિધાન બ્ર. શ્રી વજુભાઈ (વઢવાણ), રમેશભાઈ મહેતા (સોનગઢ) તથા પ્રકાશભાઈ જૈન (મલાડ) દ્વારા સંપન્ન કરાવવામાં આવશે. તો. આપ સૌને શિવપુરી પધારવાનું અમારું ભાવભર્યું આમંત્રણ છે.

નિમંત્રણકર્તા

શ્રી સીમંધર કુંદકુંદકહાન દિગંબર જૈન ટ્રસ્ટ, શિવપુરી

**Worldwide Classroom on Telephone.**
**Swadhyay on Niyamsar with Rajendra kamdar**

Mumukshu Brother/Sister
Jai Jinendra!

We are pleased to inform you that ``Jain Swadhyay Mandir Songadh, USA (JSMS)" Has joined to begin a new Series of Swadhyay with Emlnent Scholar Rajendra Kamdar, Rajkot, on ``Shree Niyamsar" in Gujarati. If there will be enough demand from the participants the speaker will be requested to conduct it in Hindi. It is already started from Saturday, November 15, 2008. USA Time : 9-00 am (EST) (Indian Standard Time : 7-30pm). It will be held for one hour **every saturday** please keep ``Niyamsar" Granth with you while participating this swadhyay.

**To join these free telephone conferences please follow this procedure :**

1. Call 1-231-962-8000. You will then hear a recording which will ask you to dial the Access Code
2. At that time you dial 591613#
3. The recording will repeat this access code and ask for your confirmation by dialling 1
4. You dial 1 to confirm.
5. You will then enter the conference. Please announce your name and the city. You will then be greeted by `Jai Jinendra' from the participants who may have already joined the conference.

Please make sure you join the conference 5 minutes before the scheduled starting time and introduce yourself with your name and the city. If you happen to join late, please do not announce your name so that the on–going class will not be disturbed. These are interactive classes, so feel free to ask questions or give your responses when requested by speaker and make sure to be as brief as possible.

Occasionally in the past, we had problems with some static noise during the conference, we have been advised to take the following precautions to minimize it.

1. Use the landline instead of cell phone as far as possible and be near the base unit in your home. Keep the phone on MUTE throughout the class until you want to speak. You can MUTE or UNMUTE your phone by dialling *6.

surrounding. Please do not talk to your family member during the class

3. In case the battery would go down in the speaker's phone he will need two

to three minutes to change over to another phone. Please be patient, remain silent and hold on until he returns.

Please feel free to inform your friends in and outside U.S.A. especially in Europe, Africa and Middle East to let them know about these classes and encourage them to take advantage of this ``Mountain Coming to Mohammad" or ``Ganges Coming to our Homes"!

For additional information, please feel free to contact us. We are all looking forward to having very productive sessions as we had in the past. As usual, your constructive suggestions are always welcome

Thank you very much and Jai Jinendra.

* **Hasmukh M. Shah,**
President jain Swadhyay Mandir Songadh, U.S.A.
Phone : 727-934-3255 / Email : hasmukh33@yahoo.com

* **Niyati Jhaveri,**
Program Coordinator (U.S.A.)
Phone : 410-313-9188 Email : nj19pa@yahoo.com

**અષ્ટમ બાલસંસ્કાર અધ્યાત્મ જ્ઞાન શિબિર**

**તા. ૨૫-૧૨-૨૦૦૮ થી ૩૦-૧૨-૨૦૦૮**

## શિબિરાર્થીઓને સૂચના

બાલ સંસ્કાર શિબિરાર્થી બાળકો અને યુવાનોને જણાવવાનું કે આ વર્ષની શિબિરમાં દરેક વર્ષની જેમ રાત્રીના સમયે ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ છે તો ભાગ લેવા ઇચ્છનાર દરેકે તૈયારી કરીને આવવું.

(અનુસંધાન પેજ ૨૦થી ચાલુ)

૨. જીવ પોતાની પર્યાયપણે ઊપજતો થકો, અજીવને પોતાનું કર્મ બનાવતો નથી.

૩. જીવ પોતાની પર્યાયપણે ઊપજતો થકો, અજીવને પોતાનું કરણ બનાવતો નથી.

૪. જીવ પોતાની પર્યાયપણે ઊપજતો થકો, અજીવને પોતાનું સંપ્રદાન બનાવતો નથી.

૫. જીવ પોતાની પર્યાયપણે ઊપજતો થકો, અજીવને પોતાનું અપાદાન બનાવતો નથી.

૬. જીવ પોતાની પર્યાયપણે ઊપજતો થકો, અજીવને પોતાનું અધિકરણ બનાવતો નથી.

તેમજ, અજીવ પણ પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી.—તેમાં પણ ઉપર મુજબ છ-છ કારકો સમજી લેવા. એ રીતે, જીવ-અજીવને પરસ્પર અકાર્યકારણપણું છે.

*(ક્રમશઃ)* * ❑ *

## વૈરાગ્ય સમાચાર :—

ગોંડલનિવાસી (હાલ-રાજકોટ) શ્રી પ્રજ્ઞાબેન હરિલાલ દોશી (–તે શ્રી વિરલભાઈના માતુશ્રી) (વર્ષ–૭૪) તા. ૧૫-૯-૦૮ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

લાઠીનિવાસી (હાલ–મલાડ) સ્વ. હેમકુંવરબેન શામજીભાઈ પારેખના જ્યેષ્ઠ પુત્ર શ્રી પ્રવિણચંદ્ર (વર્ષ–૭૭) તા. ૨૧-૯-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં તેઓ ધાર્મિક શિક્ષણવર્ગમાં નિયમિત લાભ લેતા હતા. "જન્મભૂમિ" પ્રેસમાંથી નિવૃત્ત થયા બાદ સોનગઢ તેમ જ દેવલાલી રહીને સ્વાધ્યાય કરતા હતા.

અમેરિકાનિવાસી શ્રી લત્તાબેન અનિલભાઈ દેસાઈ (–તે શ્રી ભાનુબેન શિક્ષિકા, સોનગઢના સુપુત્રી) (વર્ષ–૬૨) તા. ૧૨-૧૦-૦૮ના રોજ કેન્સરની બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેમણે શાળાના અભ્યાસ દરમ્યાન સ્થાયી સોનગઢ રહીને ઘણો લાભ લીધો હતો તેમજ અમેરિકામાં પણ નિયમિત સ્વાધ્યાય કરતા હતા.

રાજકોટનિવાસી શ્રી ઈશ્વરભાઈ તારાચંદ કામદાર (–તે ડૉ. ચંદુભાઈ કામદારના નાનાભાઈ) (વર્ષ--૯૨) તા. ૧૪-૧૦-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૫૦ વર્ષથી રાજકોટ મંદિરમાં નિયમિત લાભ લેતા હતા. તેઓને તત્ત્વનો ઘણો અભ્યાસ હતો.

મુંબઈનિવાસી શ્રી લીલાબેન નૌતમલાલ ગાંધી (–તે ટ્રસ્ટી શ્રી જિતેન્દ્રભાઈ શાહના મોટા બહેન) (વર્ષ–૭૫) તા. ૨૬-૧૦-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવાર-નવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

અમરેલીનિવાસી (હાલ–મુંબઈ) સ્વ. મંગલજી મૂળજી ખારાના સુપુત્ર શ્રી શિરીષભાઈ ખારા (વર્ષ--૭૦) તા. ૩-૧૧-૦૮ના રોજ કેન્સરની બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે.

લીંબડીનિવાસી શ્રી નંદલાલ જીવણલાલ શાહ (વર્ષ–૯૨) તા. ૮-૧૧-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

બોટાદનિવાસી (હાલ-અમેરિકા) શ્રી ભૂપતલાલ ભાયચંદ કામદાર (વર્ષ-૯૨) તા. ૧૧-૧૧-૦૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વઢવાણનિવાસી (હાલ–ઘાટકોપર-મુંબઈ) શ્રી બાબુલાલ નાનજીભાઈ શાહના પુત્ર શ્રી અનિલભાઈ શાહના ધર્મપત્ની મંજુલાબેન (વર્ષ–૬૯) તા. ૨૧-૧૧-૦૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવાર-નવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

**સ્વ. મંજુલાબેન અનિલકુમાર શાહ, ઘાટકોપરના સ્મરણાર્થે**
**રૂા. ૧૦,૦૦૦/- આ અંકના પ્રકાશનાર્થે મળેલ છે.**

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ આહાહા! ક્ષણમાં અનેક પ્રકારના વિચિત્ર રોગો થઈ જાય એવું શરીર છે, ક્યાં શરીર ને ક્યાં આત્મા! એને શેઢે કે સીમાડે મેળ નથી. આહાહા! આવો દુર્લભ મનુષ્યદેહ મળ્યો છે ને આવો વીતરાગનો માર્ગ મહાભાગ્યે મળ્યો છે તેણે મનનો ઘણો ઘણો બોજો ઘટાડીને આત્માને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ. પાંચ ઇન્દ્રિયના વલણવાળો બોજો ઘટાડીને આત્માને ઓળખવાના વિચારમાં રોકાવું જોઈએ. અંદર અનંત આનંદ આદિ સ્વભાવો ભર્યાં છે, એવા સ્વભાવનો મહિમા આવે એને અંદર પુરુષાર્થ ઉપડ્યા વિના રહે જ નહિ. ૪૬૪.

❀ આત્મા પરદ્રવ્યને તો સ્પર્શતો નથી, રાગને પણ સ્પર્શતો નથી પણ અહીં અલિંગગ્રહણના ૧૯મા બોલમાં તો કહે છે કે આત્મદ્રવ્ય પોતાની નિર્મળ પર્યાયને પણ સ્પર્શ કરતો નથી. નિર્મળ પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. દ્રવ્યસામાન્ય છે તે વિશેષરૂપ પર્યાયમાં આવતું નથી—સ્પર્શતું નથી. દ્રવ્ય વસ્તુ છે તે પર્યાયને કરતી નથી, પર્યાયને અડતી નથી અને પર્યાય છે તે દ્રવ્યમાં નથી, દ્રવ્યને સ્પર્શતી નથી. પર્યાયનું લક્ષ કરવા જતાં રાગ ઉત્પન્ન થશે ને દ્રવ્યનું લક્ષ કરતાં રાગ તૂટી નિર્વિકલ્પતા થશે, અતીન્દ્રિય આનંદ અનુભવાશે. ભાઈ! તારી નિર્મળ પર્યાય થાય તેને પણ દ્રવ્ય અડતું નથી. આહા...હા....! દ્રવ્ય ને પર્યાય બન્નેની આવી સ્વતંત્રતા બતાવે છે. પર્યાય ક્ષણિક છે તે ધ્રુવ દ્રવ્યને અડતી નથી. આહાહા! અલૌકિક વાતો છે. દ્રવ્ય છે તે પર્યાયને દ્રવે છે—ઉત્પન્ન કરે છે એ પણ અપેક્ષાથી કથન છે, બીજા દ્રવ્યથી પર્યાય થતી નથી તેમ બતાવવા કહ્યું છે. પણ અહીં તો અધ્યાત્મની એકદમ સૂક્ષ્મ વાત કહે છે કે દ્રવ્ય છે તે પર્યાયનો દાતા નથી. ધ્રુવ અસ્તિત્વ ને ક્ષણિક અસ્તિત્વ બેને ભિન્ન બતાવે છે. ૪૬૭.

❀ હે જીવો ! પરદ્રવ્યમાં ફેરફાર કરવાની અને અને સ્વકાર્યમાં અન્ય સાધન શોધવાની ચિંતા છોડી, સ્વસંવેદનથી નિજાત્માનો અનુભવ કરો! આત્માનું જ્ઞાન કિરણ જે પ્રગટ છે તે પ્રગટ પર્યાય દ્વારા આત્મા જાણો. ૪૬૫.

❀ સર્વજ્ઞ પરમાત્માએ ઇન્દ્રોની ઉપસ્થિતિમાં ફરમાવ્યું કે ભાઈ! અમે તને સિદ્ધ સમાન જોઈએ છીએ, તું પણ એમ જોતા શીખને! ત્રણલોકનો નાથ અતીન્દ્રિય આનંદની મૂર્તિ, દર્શન, જ્ઞાન ને ચારિત્રથી પૂર્ણાનંદને પામે એવો આ આત્મા એને હાડ-માંસમાં શરીરમાં રહેવું પડે, જનમ-મરણ કરવા પડે એ કલંક છે, કલંક છે. ૪૬૬.

આત્મધર્મ
ડિસેમ્બર-૨૦૦૮
અંક-૪ * વર્ષ-૩

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂ. ૯/- આજીવન લવાજમ રૂ. ૧૦૧/-

## * જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતાના ભેદ પણ કાઢી નાખ *

આહાહા....! ભગવાન પંચપરમેષ્ઠી મારા તો નથી પણ તે મારા જ્ઞેય છે એમ પણ નથી, કેમકે અહીં (પોતાની પર્યાયમાં) પંચપરમેષ્ઠી સંબંધી જે જ્ઞાન થયું છે તે તેમનાથી થયું નથી પણ પર્યાયની તત્કાલીન યોગ્યતાથી—સામર્થ્યથી થયું છે. તેથી પોતાની પર્યાય જ પોતાનું વાસ્તવિક જ્ઞેય છે. લ્યો, આ પ્રમાણે બહારથી દૃષ્ટિને અંદર સંકેલી લીધી છે. એ તો પછી પોતાનામાં જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતાના ત્રણ ભેદ પણ કાઢી નાખશે. અહીં તો જ્ઞેય પર ને હું જ્ઞાયક છું—એવી ભ્રાંતિ મટાડી છે. પછી જ્ઞાતા જ જ્ઞાતા છે, જ્ઞાતા જ જ્ઞાન છે ને જ્ઞાતા જ જ્ઞેય છે એમ આગળ કહેશે, અહો! સંતોએ મારગ એકદમ ખુલ્લો કરી દીધો છે. વાહ સંતો વાહ!

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org